પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૩ | ૨૫ નવેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ગરીબોને માર્ચ સુધી ફ્રી રાશન

**પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાની સમય મર્યાદા વધી : અત્યાર સુધી ૬૦૦ લાખ મેટ્રિક ટન મંજૂર કરવામાં આવી ચુક્યા છે, કુલ મળી તેના પર ૨.૬ લાખ કરોડ ખર્ચ થશે**

નવી દિલ્હી, તા.૨૪

પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાની સમય મર્યાદા સરકારે વધારી દીધી છે. હવે માર્ચ સુધી ફ્રી રાશન મળતું રહેશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટની બેઠક બાદ આ જાણકારી આપી છે. અનુરાગ ઠાકુરે કહ્યુ કે, તેના પર કુલ ૫૩૩૪૪ કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. આ યોજનાથી આશરે ૮૦ કરોડ લોકોને ફાયદો મળતો રહેશે. અત્યાર સુધી ૬૦૦ લાખ મેટ્રિક ટન મંજૂર કરવામાં આવી ચુક્યા છે. કુલ મળીને તેના પર ૨.૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે.



અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે, કેબિનેટે ત્રણ કૃષિ કાયદાને પરત લેવા માટે એક બિલને પણ મંજૂરી આપી છે. સંસદનું શિયાળુ સત્ર શરૂ થયા બાદ બિલને સંસદમાં રજૂ કરવામાં આવશે. મહત્વનું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯ નવેમ્બરે દેશના નામે સંબોધનમાં ત્રણ કૃષિ કાયદાને પરત લેવાની જાહેરાત કરી હતી. સાથે પીએમ મોદીએ કહ્યુ હતુ કે એમએસપીને વધુ મજબૂત બનાવવા માટે એક કમિટીની રચના કરવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે આ મહિનાના અંતમાં શરૂ થઈ રહેલા સંસદ સત્રમાં અમે ત્રણ કૃષિ કાયદાને રિપીલ (૨૬) કરવાની બંધારણીય પ્રક્રિયાને પૂરી કરી દેશું.

તેમણે કહ્યું- ઝીરો બજેટ ખેતી એટલે કે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે દેશની બદલતી જરૂરીયાતને ધ્યાનમાં રાખી ક્રોપ પેટર્નને વૈજ્ઞાનિક રીતે બદલવા માટે, એમએસપીને વધુ પ્રભાવી અને પારદર્શી બનાવવા માટે, એવા બધા વિષય પર ભવિષ્યને ધ્યાનમાં રાખતા, નિર્ણય લેવા માટે, એક કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારોના પ્રતિનિધિ હશે, કિસાન હશે, કૃષિ વૈજ્ઞાનિક હશે. કૃષિ અર્થશાસ્ત્રી હશે.

પીએમ મોદીએ કહ્યુ- હું બધા આંદોલનરત કિસાન સાથીઓને આગ્રહ કરુ છું કે, આજે ગુરૂ પર્વનો પવિત્ર દિવસ છે.

હવે તમે તમારા ઘરે પરત ફરો, તમારા ખેતરમાં પરત ફરો, પરિવાર પાસે પરત ફરો. આવો એક નવી શરૂઆત કરીએ. નવી રીતે આગળ વધીએ.

## કૃષિ કાયદાને પાછા ખેંચવા કેબિનેટની મંજૂરી

**કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો : સંસદના શિયાળુ સત્રમાં ત્રણેય કૃષિ કાયદાને અધિકૃત રીતે રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાશે અને તે માટે સરકાર દ્વારા બિલ લાવવામાં આવશે**

નવી દિલ્હી, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે થયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો. સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ કૃષિ કાયદાને પાછા ખેંચવાના પ્રસ્તાવને મંજૂરી આપી દેવાઈ છે. ત્યારબાદ હવે ૨૯ નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્રમાં ત્રણેય કૃષિ કાયદાને અધિકૃત રીતે રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાશે અને તે માટે સરકાર બિલ લાવશે.

અત્રે જણાવવાનું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯ નવેમ્બરના રોજ રાષ્ટ્રને કરેલા સંબોધનમાં નવા કૃષિ કાયદાને



પાછા ખેંચવાની જાહેરાત કરી હતી.

આ સાથે જ પીએમ મોદીએ કૃષિ કાયદાના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા ખેડૂતોને ઘરે પાછા ફરવા પણ અપીલ કરી હતી અને એમએસપીને પ્રભાવી તથા પારદર્શક બનાવવા માટે સમિતિ બનાવવાની પણ જાહેરાત કરી હતી.

પીએમ મોદીએ કહ્યું હતું કે એમએસપીને વધુ પ્રભાવી અને પારદર્શક બનાવવા માટે, એવા તમામ વિષયો પર, ભવિષ્યને ધ્યાનમાં રાખતા, નિર્ણય લેવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ હશે. ખેડૂતો હશે, કૃષિ વૈજ્ઞાનિકો હશે અને કૃષિ અર્થશાસ્ત્રી પણ હશે.

પીએમ મોદી દ્વારા કૃષિ કાયદાને પાછા ખેંચવાની જાહેરાત બાદ પણ ખેડૂત સંગઠનોએ પ્રદર્શન બંધ ન કરવાનો નિર્ણય લીધો અને કહ્યું હતું કે તેઓ ત્યાં સુધી પ્રદર્શન ચાલુ રાખશે જ્યાં સુધી સંસદની પ્રક્રિયા પૂરી ન થઈ જાય. હવે સવાલ એ છે કે મોદી કેબિનેટ તરફથી કૃષિ કાયદાને પાછા ખેંચવાના પ્રસ્તાવને મંજૂરી મળ્યા બાદ ખેડૂતોનું આંદોલન ખતમ થશે કે નહીં.

નવા કૃષિ કાયદા વિરુદ્ધ છેલ્લા એક વર્ષથી ખેડૂતોનું પ્રદર્શન ચાલુ છે અને ખેડૂતો દિલ્હીની સરહદો પર ડટેલા છે.



ગુફ્તેગુ - ભાજપના બોલકા વરિષ્ઠ સાંસદ સુબ્રમણ્ય સ્વામી દિલ્હીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીને બંધબારણે મળ્યા હતા... રાજકીય ચર્ચાઓ માટેની આ મુલાકાતે દિલ્હીની રાજકીય ગલીયારીઓમાં ભારે ચર્ચા જગાવી છે... મમતા બેનર્જીની દિલ્હી મુલાકાતના બીજા દિવસે કોંગ્રેસના સાંસદો કિર્તી આઝાદ અને અશોક તોમરના ટીએમસી પ્રવેશને પગલે સ્વામીની મુલાકાત વિવાદાસ્પદ બની રહી છે....

## બંને ડોઝ છતાં ડેલ્ટા વેરિયન્ટથી બચવા તકેદારી રાખવી જરૂરી

**દિલ્હીની બે હોસ્પિટલમાં અભ્યાસ કરાયો**

નવી દિલ્હી, તા.૨૪

વેક્સિનના બંને ડોઝ લઈ ચૂકેલા લોકોને પણ કોરોનાના ડેલ્ટા વેરિયંટનો ચેપ લાગી શકે છે તેવો ખુલાસો એક નવા અભ્યાસમાં થયો છે. તેમાં જણાવાયું છે કે, ડેલ્ટા વેરિયંટથી બચવા માટે વેક્સિન ઉપરાંત અન્ય તકેદારી રાખવી પણ ખૂબ જ જરુરી છે. દિલ્હીની બે હોસ્પિટલોમાં કરાયેલા આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે વેક્સિનથી વાયરલ લોડની ઘાતકતા ઘટે છે, પરંતુ કોરોના સામે સંપૂર્ણ રક્ષણ નથી મળતું. વળી, આ સ્થિતિમાં વેક્સિન લેનાર વ્યક્તિ પણ બીજા લોકોને અને ખાસ તો જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે તેવા લોકોને સંક્રમિત કરી શકે છે. આ અભ્યાસ INSACOG કોન્સોટેરિયમ, CSIR અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ દ્વારા કરવામાં આવ્યો હતો.

રિસર્ચર્સ દ્વારા ૧૧૩ કેસો તપાસવામાં આવ્યા હતા. વેક્સિનના બંને ડોઝ લીધા બાદ પણ કોરોનાગ્રસ્ત થયેલા ૧૧૩

● અનુસંધાન પાન-૭ પર

## હાલમાં વેક્સિનના ત્રીજા ડોઝની જરૂર નથી : ડૉ. રણદીપ ગુલેરિયા

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં કોરોનાની પહેલી અને બીજી લહેર બાદ હવે ત્રીજી લહેર આવવાની આશંકા નથી. હાલ કોરોનાના કેસ પહેલાની માફક નથી નોંધાઈ રહ્યા જેનાથી સ્પષ્ટ થાય છે કે, વેક્સિન વાયરસ સામે રક્ષણ આપી રહી છે. એઈમ્સના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ મંગળવારે એક કાર્યક્રમ દરમિયાન હાલ આપણા ત્યાં વેક્સિનના બૂસ્ટર ડોઝની કોઈ જરૂર નથી તેમ જણાવ્યું હતું. તેમના કહેવા પ્રમાણે સમય વીતવાની સાથે સાથે આ મહામારી સ્થાનિક બની જશે. આઈસીએમઆરના ડીજી ડો. બલરામ ભાર્ગવ દ્વારા લિખિત પુસ્તક 'ગોઈંગ વાયરલ: મેકિંગ ઓફ કોવેક્સિન-ધ ઈનસાઈડ સ્ટોરી 'ના વિમોચન પ્રસંગે ડો. ગુલેરિયાએ જણાવ્યું કે, દેશમાં વેક્સિનેશન બાદ કોરોનાના કેસમાં ઝડપથી ઘટાડો આવ્યો છે. લોકોને હોસ્પિટલોમાં



દાખલ કરવાની નોબત નથી આવી. જેમ-જેમ સમય વીતી રહ્યો છે, કોરોનાની કોઈ પણ લહેરની આશંકા ઘટી રહી છે. વેક્સિનના બૂસ્ટર ડોઝની જરૂરિયાત મામલે ડો. ગુલેરિયાએ જણાવ્યું કે, હાલ કેસમાં કોઈ વૃદ્ધિ નથી આવી. તેનાથી સ્પષ્ટ થાય છે કે, કોરોના વેક્સિન હજુ પણ વાયરસ સામે રક્ષણ આપી રહી છે. આ કારણે હાલ વેક્સિનના બૂસ્ટર ડોઝ કે ત્રીજા ડોઝની કોઈ જ જરૂર નથી.

## ગૌતમ ગંભીરને પરિવાર સાથે મારી નાખવા ધમકી

નવી દિલ્હી, તા.૨૪

પૂર્વ દિલ્હી લોકસભા સીટ પરથી ભારતીય જનતા પાર્ટીના સાંસદ ગૌતમ ગંભીરને આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા, કાશ્મીર (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ ધ લેવન્ટ) તરફથી ધમકીઓ મળી છે.

આ પછી દિલ્હી પોલીસ દ્વારા તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીરે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો છે અને આરોપ લગાવ્યો છે કે તેને આઈએસઆઈએસ કાશ્મીર તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ અંગે ડીસીપી સેન્ટ્રલ દિલ્હી શ્વેતા ચૌહાણે પણ જણાવ્યું કે ફરિયાદ મળ્યા બાદ આ મામલે તપાસ ચાલી રહી છે. ધમકીના પગલે ગૌતમ ગંભીરના ઘરની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે. નોંધનીય છે કે દિલ્હીના બીજેપી સાંસદ ગૌતમ ગંભીરને જાનથી મારી નાખવાની ધમકી આપતો ઈમેલ મળ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૨૪ની શરૂઆતમાં ૬જી ટેક્નોલોજી લોન્ચની યોજના

નવી દિલ્હી, તા.૨૪

ટેલિકોમની દુનિયામાં ભારત હવે તેજ ગતિએ આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે. હાલ ૫૨ ટેક્નોલોજી લાવવાની તૈયારી થઈ રહી છે અને સાથે જ મોદી સરકારે ૬૨ને લઈ પોતાનો પ્લાન તૈયાર કરી લીધો છે. કેન્દ્રીય સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે તેના અનુસંધાને સરકારની આગળની યોજના બતાવી હતી. સાથે જ એમ પણ કહ્યું કે, ટૂંક સમયમાં જ ટેલિકોમની દુનિયામાં ભારતની બોલબાલા રહેશે.

કેન્દ્રીય સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૨૦૨૩ના અંત કે ૨૦૨૪ની શરૂઆતમાં ૬૨ ટેક્નોલોજી લોન્ચ કરવામાં આવી શકે છે. મહત્વની વાત એ છે કે, ભારત પોતે જ તમામ સોફ્ટવેર બનાવવાનું છે અને બાદમાં સમગ્ર વિશ્વમાં તેનું વિતરણ કરશે. અશ્વિની વૈષ્ણવના કહેવા પ્રમાણે ૬૨ ટેક્નોલોજી માટે દરેક જરૂરી મંજૂરી અગાઉથી જ આપી દેવાયેલી છે તેવામાં દેશના વૈજ્ઞાનિકો હવે ટેક્નોલોજી પર કામ કરી રહ્યા છે.

6Gનો રોડમેપ તૈયાર છે ત્યારે 5Gને લઈ પહેલેથી જ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## મોટાભાગની ક્રિપ્ટો કરન્સી થોડા સમયમાં લુપ્ત થઈ જશે

**રિઝર્વ બેન્કના પૂર્વ ગવર્નરની ચેતવણી : કોઈ વસ્તુ મોંઘી હોવાના કારણે જ તેનું મૂલ્ય વધારે હોય તો સમજી લેવું કે તેનો ફુગ્ગો ગમે ત્યારે ફુટી શકે : રાજન**

નવી દિલ્હી, તા.૨૪

રિઝર્વ બેક્નના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનનું માનવું છે કે, હાલ અસ્તિત્વ ધરાવતી મોટાભાગની ક્રિપ્ટોકરન્સી થોડા સમયમાં લુપ્ત થઈ જશે. રાજનનું માનવું છે કે, હાલ છ હજાર જેટલી ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં છે, જેમાંથી માંડ એકાદ-બે જ પોતાનું અસ્તિત્વ જાળવી શકશે. એક ઈન્ટર્વ્યુમાં અર્થશાસ્ત્રી એવા રાજને કહ્યું હતું કે કોઈ વસ્તુ માત્ર મોંઘી હોવાના કારણે જ તેનું મૂલ્ય વધારે હોય તો સમજી લેવું કે તેનો ફુગ્ગો ગમે ત્યારે ફુટી શકે છે.



તેમણે એમ પણ કહ્યું હતું કે કેટલાક કોઈન્સ માત્ર એટલા માટે જ વેલ્યૂ ધરાવે છે કે કેટલાક મૂર્ખ તેમાં રોકાણ કરવા તૈયાર બેઠા હોય છે.

રઘુરામ રાજનનું કહેવું છે કે, ક્રિપ્ટોકરન્સી પણ ચીટ ફંડ્સ જેવી સમસ્યાઓ સર્જી શકે છે. ચીટ ફંડ્સ લોકો પાસેથી રુપિયા ઉઘરાવે છે અને એક દિવસ તેમનો ફુગ્ગો ફુટી જાય છે. ક્રિપ્ટો એસેટ્સ ધરાવતા ઘણા લોકો સરકારના આ વર્તનથી નારાજ હશે. તેમણે જણાવ્યું હતું કે મોટાભાગના

● અનુસંધાન પાન-૭ પર




